Seat No. : ______________

# JG-120

**January-2024**

**B.A., Sem.-I**

**Major-DSC-C-GUJ-111 : Gujarati**

**(As per NEP - 2020)**

**'ચંદ્રહાસાખ્યાન' – (આખ્યાન) પ્રેમાનંદ**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

1. પ્રેમાનંદના જીવનની આધારભૂત વિગતો ચર્ચી, તેમનું આખ્યાન સાહિત્યસ્વરૂપમાં પ્રદાન આલેખો. **10**

**અથવા**

1. આખ્યાન સાહિત્યસ્વરૂપની અંતરંગ અને બહિરંગ લાક્ષણિકતાઓ સોદાહરણ ચર્ચો. **10**

2. પ્રેમાનંદની આખ્યાનકૃતિ 'ચંદ્રહાસાખ્યાન' ને આખ્યાનકાવ્ય તરીકે મૂલવો. **10**

**અથવા**

2. પ્રેમાનંદની આખ્યાનકૃતિ 'ચંદ્રહાસાખ્યાન'ની કથામાં રહેલી મુખ્ય ધ્વનિ વિગતે ચર્ચો. **10**

3. નીચેનામાંથી કોઈપણ **બે** વિશે ટૂંકનોંધ લખો : **10**

   (1) ચંદ્રહાસનું પાત્રાલેખન
   (2) 'ચંદ્રહાસાખ્યાન'માં નાટ્યાત્મકતા
   (3) 'ચંદ્રહાસાખ્યાન'ની વસ્તુસંકલના
   (4) 'ચંદ્રહાસાખ્યાન'માં રસનિરૂપણ

4. (a) નીચેનામાંથી કોઈપણ **ચાર** શબ્દોની સાચી જોડણી લખો : **4**

   વીવીધ, નિમંત્રીત, જીજીવીશા, પરીણીત, વિધાર્થીની, જ્યોતિન્દ્ર, નુકશાન, મુહુર્ત

   (b) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** શબ્દોના પર્યાયવાચી શબ્દ લખો : **3**

   વરસાદ, દામિની, ભુજંગ, ભાનુ, મિત્ર, બગીચો

   (c) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો : **3**

   કોમળ, લેણદાર, આરોહ, અવેતન, વિરહ, અતિવૃષ્ટિ

@geniusguruji

5. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : (કોઈપણ **દસ**) **10**

(1) નીચેનામાંથી કઈ વિગત પ્રેમાનંદના જીવન સાથે સર્વથા અસંગત છે ?

(a) વતન : વડોદરા (b) પિતાનું નામ : કૃષ્ણરામ

(c) આશ્રયદાતા : શંકરદાસ દેસાઈ (d) વ્યવસાય : સોનીકામ

(2) નીચેનામાંથી કઈ વિગત આખ્યાન સ્વરૂપ સાથે સુસંગત નથી ?

(a) કડવું (b) ફળશ્રુતિ

(c) પર્વ (d) ઊથલો

(3) નીચેનામાંથી એક જોડ ખોટી છે તે ઓળખી બતાવો.

(a) ભાલણ : 'જાલંધર આખ્યાન' (b) નાકર : 'આરણ્યકપર્વ'

(c) મેગલ : 'નચિકેતાખ્યાન' (d) પ્રેમાનંદ : 'સીતાવેલ'

(4) 'ચંદ્રહાસાખ્યાન' કેટલાં કડવાંમાં વિસ્તરેલું આખ્યાન છે ?

(a) 22 (b) 28

(c) 30 (d) 17

(5) ચંદ્રહાસના પાલક પિતાનું નામ શું હતું ?

(a) કુલિંદ (b) ખુમાન

(c) અજરામર (d) ધૃષ્ટબુદ્ધિ

(6) વિષયાનાં પિતાનું નામ શું હતું ?

(a) કુલિંદ (b) ધૃષ્ટબુદ્ધિ

(c) ગાલવ (d) સુધાર્મિક

(7) 'ચંદ્રહાસાખ્યાન'ની રચનાસાલ કઈ છે ?

(a) સંવત 1727 (b) સંવત 1745

(c) સંવત 1725 (d) સંવત 1671

(8) 'ઘેર જઈ વાટ જોઉં છું, ઉતાવળા તમો આવો;' – આ પંક્તિ 'ચંદ્રહાસાખ્યાન'માં કોણ બોલે છે ?

(a) વિષયા (b) ચંપકમાલિની

(c) કુંતલ (d) અચલા

(9) નીચેનામાંથી એક વિકલ્પમાં ખોટી જોડણી આપેલી છે તે વિકલ્પ ઓળખો.

(a) કુટલીપિ (b) રીડિયારમણ

(c) વીજળી (d) ચુંમાળીસ

(10) નીચે આપેલ પર્યાયવાચી શબ્દની જોડીમાંથી સાચી જોડ ઓળખાવો.

(a) દેશાવર – પરદેશ (b) અંબર – બળવાન

(c) ચક્ષુ – ચાસ (d) ઈનામ – ખાનદાની

(11) 'સ્થાવર' શબ્દ માટે નીચેનામાંથી સાચો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?

(a) કદાવર (b) જંગમ

(c) કવર (d) જનાવર

— —



@geniusguruji